# સમાસ – પરિચય



**Subject : CC 302 GUJARATI**

# સમાસ – પરિચય




બે કે તેથી વધુ પદો ભેગા મળી એક એકમ બનાવે તેને સમાસ કહે છે. આ રીતે પરસ્પર સંબંદવાળાં બે કે તવધારે પદો એકઠાં થવાથી જે એક જ સ્વતંત્ર પદ બને તેને સમાસ કહેવાય છે. સમાસમાં ના પદની પ્રધાનતાના આધારે સમાસના ત્રણ પ્રકાર  પડે છે :

(૧) ઉભયપદપ્રધાન સમાસ

(૨) એકપદ પ્રધાન સમાસ અને

(3) અન્યપદપ્રધાન સમાસ.

# સમાસ – પરિચય




(1) ઉભયપદપ્રધન સમાસ: વાક્યકક્ષાએ જે સમાસનાં બન્ને પદ એક સરખું જ મહત્વ ધરાવતાં હોય ત્યારે તે સમાસને ઉભય પદ પ્રધાન સમાસ કહે છે. જેમકે, દ્વન્દ્વ સમાસ.

(2) એકપદપ્રધાન સમાસ : વાક્યકક્ષાએ જે સમાસના બન્ને પદમાંથી કોઈ એક પદ મહત્વ ધરાવતું હોય એને એક પદપ્રધાન સમાસ કહે છે. જેમકે, તત્પુરુષ, કર્મધારય વગેરે.

(3) અન્યપદપ્રધાન સમાસ : વાક્યકક્ષાએ સમાસનું એક પણ પદ મહત્વ ન ધરાવતું હોય અને મહત્વ ધરાવતું પદ અન્ય કોઈ હોય તેને અન્ય પદ પ્રધાન સમાસ કહે છે. જેમકે, ઉપપદ, બહુવ્રીહિ વગેરે.

# સમાસ – પરિચય



**૧. દ્વન્દ્વ સમાસ :**

સમાસ વ્યાકરણી મોભો ધરાવતાં પદો જોડાય અને સમસ્ત પદનો વ્યાકરણી મોભો એ જ રહે ત્યારે દ્વન્દ્વ સમાસ બને છે. દ્વન્દ્વ સમાસના ત્રણ પ્રકારો છે : ઈતરેતર દ્વન્દ્વ, વૈકલ્પિક દ્વન્દ્વ અને સમહાર દ્વન્દ્વ.


**૧. ૧. ઈતરેતર દ્વન્દ્વ :**

જેનો વિગ્રહ 'અને' દ્વારા થાય તે ઈતરેતર દ્વન્દ્વ સમાસ કહેવાય છે.

દા.ત. –

| | | |
|---|---|---|
| માબાપ | = | મા અને બાપ |
| કાકાકાકી | = | કાકા અને કાકી |
| તીરકામઠું | = | તીર અને કામઠું |
| સુખશાંતિ | = | સુખ અને શાંતિ |
| સગાંવહાલાં | = | સગાં અને વહાલાં |
| ભીમાર્જુન | = | ભીમ અને અર્જુન |
| કૌરવપાંડવ | = | કૌરવ અને પાંડવ |

# સમાસ – પરિચય




ગોળધાણા = ગોળ અને ધાણા
ચાપાણી = ચા અને પાણી
દાણોપાણી = દાણો અને પાણી
દિનરાત = દિન અને રાત
ભાઈબહેન = ભાઈ અને બહેન
ભાઈભાંડુ = ભાઈ અને ભાંડુ
રામલક્ષ્મણ = રામ અને લક્ષ્મણ
શાકભાજી = શાક અને ભાજી
સ્ત્રીપુરુષ = સ્ત્રી અને પુરુષ
દંપતિ = દં એટલે કે પત્ની અને પતિ
ઊઠબેસ = ઊઠ અને બેસ
નાસ્તોપાણી = નાસ્તો અને પાણી
બોલચાલ = બોલ અને ચાલ
તોડફોડ = તોડ અને ફોડ
વારતહેવાર = વાર અને તહેવાર
હાથપગ = હાથ અને પગ
અબીલગુલાલ = અબીલ અને ગુલાલ
કાળુંધોળું = કાળું અને ધોળું
નાનુંમોટું = નાનું અને મોટું
પાંત્રીસ = પાંચ અને ત્રીસ
છેતાલીસ = છ અને ચાલીસ
એકવીસ = એક અને વીસ

# સમાસ – પરિચય

**૧. ૨.  વૈકલ્પિક દ્વન્દ્વ :**


જેનો વિગ્રહ ‘કે’ દ્વારા થાય તે સમસને વૈકલ્પિક દ્વન્દ્વ સમાસ કહે છે.



દા.ત. –

| | | |
|---|---|---|
| બેચાર | = | બે કે ચાર |
| ચારપાંચ | = | ચાર કે પાંચ |
| પાંચસાત | = | પાંચ કે સાત |
| બીસપચીસ | = | વીસ કે પચીસ |
| વહેલુંમોડું | = | વહેલુ કે  મોડું |
| સારુંનરસું | = | સારું કે નરસું |
| જાણ્યેઅજાણ્યે | = | જાણ્યે કે અજાણ્યે |
| નોકરીધંધો | = | નોકરી કે ધંધો |
| આજકાલ | = | આજ કે કાલ |
| નદીનાળું | = | નદી કે નાળું |
| વાંકગુનો | = | વાંક કે ગુનો |
| આઘુંપાછું | = | આઘું કે પાછું |
| લાલપીળું | = | લાલ કે પીળું |
| કાગળપત્ર | = | કાગળ કે પત્ર |
| જેતે | = | જે કે તે |
| જેમતેમ | = | જેમ કે તેમ |
| જ્યાંત્યાં | = | જ્યાં કે ત્યાં |
| જ્યારેત્યારે | = | જ્યારે કે ત્યારે |

# સમાસ – પરિચય




**૧. ૩. સમાહાર દ્વન્દ્વ**

જેમાં બન્ને પદના અર્થોને એક સમુચાય રૂપે જોવામાં આવે અને સમસ્ત પદ એકવચનમાં વપરાય તેને સમાહાર દ્વન્દ્વ કહે છે.

દા.ત. –

| | | |
|---|---|---|
| સારાસાર | = | સાર અને અસાર |
| જાઆવ | = | જા અને આવ |
| ઊઠબેસ | = | ઊઠ અને બેસ |
| કામકાજ | = | કામ અને કાજ |
| ઘરેણુંગાંઠું | = | ઘરેણું અને ગાંઠું |
| પાણિપાદ | = | પાણિ અને પાદ |
| ભૂલચૂક | = | ભૂલ અને ચૂક |
| ભેરિમૃદંગ | = | ભેરિ અને મૃદંગ |
| લાભાલાભ | = | લાભ અને અલાભ |
| વરસાદપાણી | = | વરસાદ અને પાણી |

# સમાસ – પરિચય




૨. **તત્પુરુષ સમાસ** :

જે સમાસમાં પૂર્વ પદ ઉત્તર પદ સાથે વિભક્તિ સંબંધથી જોડાયેલું હોય તેને તત્પુરુષ સમાસા કહે છે. સામાન્ય રીતિ ઉત્તર પદ મુખ્ય હોય છે અને પૂર્વ પદ ગૌણ હોય છે. આ સમાસનો વિગ્રહ કરતી વખતે વિભક્તિપ્રત્યયો અથવા નામયોગીઓ ઉમેરવામાં આવે છે.

તત્પુરુષ સમાસા ઘણું વૈવિધ્ય ધરાવે છે. આ સમાસને સમજતાં પહેલાં વ િભક્તિ વિશે જાણવું જરૂરી છે. ‘વિભક્તિ’ એટલે વિભક્તતા કે જુદાપણું. પ્રત્યયો જુદાં જુદાં અર્થમાં ગાળે છે, એટલા માટે વિભક્તિ સંજ્ઞા પામે છે. જે પ્રત્યય વડે કર્તા, કર્મ વગેરે જુદાં જુદાં અર્થ સમજાય છે તે વિભક્તિના પ્રત્યય કહેવાય છે.

# સમાસ – પરિચય




ગુજરાતીમાં વિભક્તિના પ્રત્યયો નીચે પ્રમાણે છે :

| વિભક્તિ | સંબંધ | વિભકિતપ્રત્યય | સમાસનું દ્ષ્ટાત |
|---|---|---|---|
| પ્રથમા | કર્તા | શૂન્ય પ્રત્યય, એ | ઈશ્વરનિર્મિત |
| દ્વિતીય | કર્મ | શૂન્ય પ્રત્યય, ને | કૃષ્ણાશ્રિત |
| તૃતિયા | કરણ | -થી, વડે | રસભીનું |
| ચતુર્થી | સંપ્રદાન | માટે | કાકબલિ |
| પંચમી | અપાદાન | -થી, થકી, -એ | ઋણમુક્ત |
| ષષ્ઠી | સંબંધ | '-ન' નાં રૂપો | રાષ્ટ્રપિતા |
| સપ્તમી | અધિકરણ | -માં, -એ, પર | દાનવીર |

# સમાસ – પરિચય

**સાત વિભક્તિના અર્થ આ પ્રમાણે સમજી શકાય:**




1. પ્રથમા વિભક્તિ તે કર્તા વિભક્તિ છે. એ ક્રિયાનો કર્તા દર્શાવે છે. જેમકે, શિવાંગ પુણ્ય કરે છે. અહીં 'શિવાંગ' એ કર્તા છે.

2. દ્વિતીયા વિભક્તિ તે કર્મ વિભક્તિ છે. આ વિભક્તિ કર્તાના કર્મને દર્શાવે છે. કર્તાની ક્રિયા થી જે કંઈ થાય, અથવા જે વ્યક્તિ, વસ્તુ કે પ્રાણી અસર પામે, અસર નીચેથી પસાર થાય તે કર્મ. કર્તા પોતાની ક્તિયા વડે જે અતિશય પામવા ઈચ્છે એને કર્મ કહે છે. કારણના વ્યાપારનો વિષય એટલે કર્મ. જેમકે, શિવાંગ સાદડી બનાવે છે. અહીં 'સાદડી' એ કર્મ છે.

3. તૃતીયા વિભક્તિ એટલે કરણ વિભક્તિ. કર્તા ક્રિયા કરવા જે સાધનનો ઉપયોગ કરે તે કરણ. ક્રિયા કરવામાં જે ઘણું ઉપકારક હોય, જેના વ્યાપાર પછી તરત જ ક્રિયાની વિવક્ષા રહે તેવું ઉપકાર હોય તે કરણ કહેવાય. જેમકે, દારતડે શિવાંગ ડાંગર કાપે છે. અહીં 'દાતરડે' કરણ છે.

4. સંપ્રદાન એ ચોથી વિભક્તિ છે. ક્રિયાનું ફળ જેને પ્રાપ્ત થાય તે સંપ્રદાન. એમ, કોઈ વસ્તુ, વ્યક્તિકે પ્રાણી માટે ક્રિયા કરવી તે તાદર્થ્ય. કર્તા કર્મ વડે કે કર્મરૂપ કરણ વડે જેની સાથે સંબદ્ધ થાય છે, જેને પ્રાપ્ત કરવા ઈચ્છે છે તે સંપ્રદાન કહેવાય છે. એ હેતુથી હોવું તેનો, અથવા, તેના માટે હોવાપણું નો ભાવ આ વિભક્તિ દર્શાવે છે. જેમકે, શિવાંગ ઉપાધ્યાયને ગાય આપે છે. અહીં 'ઉપાધ્યાયને' એ સંપ્રદાન છે

# સમાસ – પરિચય




5. આપાદાન એ પંચમી વિભક્તિ છે. જ્યારે એક વસ્તુ બીજી વસ્તુથી છૂટી પડે ત્યારે એ વિયોગમાં જે અવધિભૂત પદાર્થ  છે તે, એટલે કે જેનાથી તે   છૂટી પડે છે તે, અપાદાન કહેવાય છે. જેમકે, શિવાંગ રથથી પડ્યો. અહી ‘રથથી’ એ અપાદન છે.

6. ષષ્ઠી વિભક્તિ સંબંધક વિભક્તિ છે. એક શબ્દનો બીજા શબ્દ સાથે સંબંધ જોડાનાર તે સંબંધક વિભક્તિ. જેમકે, શિવાંગનું ઘર સુંદર છે. અહીં ‘શિવાંગનું’ પ્રત્યય ષષ્ઠીનો વાચક છે.

7. સપ્તમી વિભક્તિ અધિકરણ છે. ક્રિયા થવા માટેનું સ્થાન કે ક્રિયાની અવસ્થા માટેની સ્થાનસંબંધી અભિમુખતા તે અધિકરણ. કર્તુ દ્વારા કે કર્મ દ્વારા તેમાં રહેલી ક્રિયાનું જે આધારભૂત કારક છે તે અધિકરણ કહેવાય છે. જેમકે, શિવાંગ તપેલીમાં ચોખા રાખે છે. અહીં ‘તપેલીમાં’ એ અધિકરણ દર્શાવે છે.

# સમાસ – પરિચય



## ૨. ૧. કર્તા તત્પુરુષ કે પ્રથમા તત્પુરુષ :

કર્તાના સંબંધવાળા અને 'એ', 'કે', 'થી' અનુગથી વિગ્રહ પામતા સમાસનો કર્તા તત્પુરુષ સમાસ કહે છે.

દા. ત. –

| | | |
|---|---|---|
| ઈશ્વરનિર્મિત | = | ઈશ્વરથી નિર્મિત |
| દેવદીધું | = | દેવે દીધેલું |
| માજણ્યું | = | માએ જણ્યું એવું |


## ૨. ૨. કર્મ તત્પુરુષ કે દ્વિતીયા તત્પુરુષ :

કર્મના સંબંધવાળા અને શૂન્યપ્રત્યય તથા 'ને'થી વિગ્રહ પામતા સમાસને કર્મ તત્પુરુષ સમાસ કહે છે. સામાન્ય રીતે આ સમાસના ઉત્તરપદમાં આશ્રિત, શ્રિત, અતીત, ગત, આપન્ન, પ્રાપ્ત જેવા શબ્દ આવે છે.

દા. ત. –

| | | |
|---|---|---|
| આવસરચૂક્યો | = | અવસરને ચૂકેલો |
| કલ્પનાગમ્ય | = | કલ્પનાને ગમ્ય |
| કલ્પનાતીત | = | કલ્પનાને ઓળંગી ગયેલું |
| કૃષ્ણાશ્રિત | = | કૃષ્ણને આશ્રિત |

# સમાસ – પરિચય



| | | |
|---|---|---|
| સુખાપન્ન | = | સુખને આપન્ન |
| મનગમતું | = | મનને ગમતું |
| ઈશ્વરાધીન | = | ઈશ્વરને આધીન |
| દૂધપીતું | = | દૂધને પીતું |
| મનાફાવતું | = | મનને ફાવતું |
| ખાટલાવશ | = | ખાટલાને વશ |


**૨.૩. કરણ તત્પુરુષ કે તૃતીયા તત્પુરુષ:**

કરણના સંબંધવાળા અને ‘થી’, ‘વડે’ જેવા અનુગોકે નામયોગીઓથી વિગ્રહ પામતા સમાસને કરણ તત્પુરુષ સમાસ કહે છે. સામાન્ય રીતે આ સમાસના ઉત્તરપદમાં યુત, યુક્ત, સદૅશ, તુલ્ય, સમ, સંપન્ન, આતુર, પૂર્ણ, આઢ્ય, વશ, સાધ્ય દત્ત, હીન જેવાં પદ હોય છે.

દા.ત. –


| | | |
|---|---|---|
| રત્નજડિત | = | રત્નથી જડિત |
| કરુણાશૂન્ય | = | કરુણાથી શૂન્ય |
| કપોલકલ્પિત | = | કપોલથી કલ્પિત |
| કલેશયુક્ત | = | કલેશથી યુક્ત |
| ખુશબોભર્યો | = | ખુશબોથી ભર્યો |
| રસભીનું | = | રસથી ભીનું |
| તર્કબદ્ધ | = | તર્કથી બદ્ધ |

# સમાસ – પરિચય



| | | |
|---|---|---|
| કષ્ટસાધ્ય | = | કષ્ટ વડે સાધ્ય |
| ઐશ્વર્યયુક્ત | = | ઐશ્વર્યથી યુક્ત |
| ધનાઢ્ય | = | ધનથી આઢ્ય |
| દયાર્દ્ર | = | દયાથી આર્દ્ર |
| રસાર્દ્ર | = | રસથી આર્દ્ર |
| રસયુક્ત | = | રસથી યુક્ત |
| ગુણસંપન્ન | = | ગુણથી સંપન્ન |
| આશાભર્યું | = | આશા વડે ભર્યું |
| રસબોળ | = | રસ થી બોળ |
| પ્રેમાતુર | = | પ્રેમથી આતુર |
| રસપૂર્ણ | = | રસથી પૂર્ણ |
| ઈશ્વરદત્ત | = | ઈશ્વર વડે દત્ત |
| ભક્તિવશ | = | ભક્તિ વડે વશ |
| મન:કલ્પિત | = | મન વડે કલ્પિત |

# સમાસ – પરિચય




**૨. ૪. તાદર્થ તત્પુરુષ અથવા ચતુર્થી તત્પુરુષ :**
તાદર્થ્ય સંબંધવાળા અને ‘માટે’થી વિગ્રહ પામતા સમાસને તાદર્થ્ય તત્પુરુષ સમાસ કહે છે.

દા.ત.-

| | | |
|---|---|---|
| સર્વસુલભ | = | સર્વને સુલભ |
| પ્રીત્યર્થ | = | પ્રીતને માટે |
| લોકહિત | = | લોકો માટેનું હિત |
| કાકબલિ | = | કાગડા માટેનો બલિ |
| પ્રયોગશાળા | = | પ્રયોગ માટેની શાળા |
| અભ્યાસક્રમ | = | અભ્યાસ માટેનો ક્રમ |
| ગાડામાર્ગ | = | ગાડા માટેનો માર્ગ |
| જનહિત | = | જન માટેનું હિત |
| લોલોપયોગી | = | લોકોને ઉપયોગી |
| ધણીજોગ | = | ધણીને જોગ |

# સમાસ – પરિચય




**૨.૫. અપાદાન તત્પુરુષ અથવા પંચમી તત્પુરુષ :**

આપાદાન સંબંધવાળા અને ‘થી’, ‘માંથી’, ‘કરતાં’ વગેરેથી વિગ્રહ પામતા સમાસને અપાદાન તત્પુરુષ સમાસ કહે છે. સામાન્ય રીતે તેના ઉત્તરપદમાં ઈતર, ભિન્ન, જેવાં પદો હોય છે.

દા.ત. -

| | | |
|---|---|---|
| દેશનિકાલ | = | દેશમાંથી નિકાલ |
| ઋણમુક્ત | = | ઋણમાંથી મુક્ત |
| ધર્મભ્રષ્ટ | = | ધર્મમાંથી ભ્રષ્ટ |
| બ્રાહ્મણેતર | = | બ્રાહ્મણથી ઈતર |
| દુ:ખવિમોચક | = | દુ:ખથી વિમોચક |
| ગર્ભશ્રીમંત | = | ગર્ભથી શ્રીમંત |
| સ્વાર્થરહિત | = | સ્વાર્થથી રહિત |
| ચોરભય | = | ચોરોથી ભય |
| ભયત્રસ્ત | = | ભયથે ત્રસ્ત |
| સ્વર્ગપતિત | = | સ્વર્ગથી પતિત |
| પદચ્યુત | = | પદથી ચ્યુત |
| જાતિભ્રષ્ટ | = | જાતિથી ભ્રષ્ટ |
| ઉત્તરોત્તર | = | ઉતારથી ઉત્તર |
| સ્થાનભ્રષ્ટ | = | સ્થાનમાંથી ભ્રષ્ટ |



# સમાસ – પરિચય


**૨.૬. સંબંધ તત્પુરુષ કે ષષ્ઠી તત્પુરુષ સમાસ :**

જેમાં સંબંધ વિભક્તિ રહેલી હોય અને ‘ના’, ‘ની’, ‘નું’, ‘નાં’, ‘નો’ થી જેનો વ િગ્રહ થતો હોય તેવા સમાસને સંબંધ તત્પુરુષ સમાસ કહે છે.

દા.ત. -

| | | |
|---|---|---|
| અંગમહેનત | = | અંગની મહેનત |
| આપબુદ્ધિ | = | આપની બુદ્ધિ |
| દેવાલય | = | દેવનું આલય |
| દેશબંધુ | = | દેશનો બંધું |
| વિદ્યાભ્યાસ | = | વિદ્યાનો અભ્યાસ |
| રાજદરબાર | = | રાજનો દરબાર |
| લગ્નગાળો | = | લગ્નનો ગાળો |
| બજારભાવ | = | બજારનો ભાવ |
| જીવનસાધના | = | જીવનની સાધના |
| સ્થળસંકોચ | = | સ્થળનો સંકોચ |
| માંસપેશી | = | માંસની પેશી |
| પ્રણયનિરોપણ | = | પ્રણયનું નિરૂપણ |
| ગામલોકો | = | ગામનાં લોકો |
| બાંધકામ | = | બાંધવાનું કામ |
| હાથજોડ | = | હાથની જોડ |
| ખાદીહાટ | = | ખાદીની હાટ |


# સમાસ – પરિચય



| | | |
|---|---|---|
| હાથચાલાકી | = | હાથની ચાલાકી |
| મનમાન્યું | = | મનનું માન્યું |
| સ્પષ્ટવક્તા | = | સ્પષ્ટના વક્તા |
| અર્થવાહક | = | અર્થના વાહક |
| દેશવાસી | = | દેશના વાસી |
| માથાફૂટ | = | માથાની ફૂટ |
| રાજહંસ | = | હંસોનો રાજા |
| આંખફરક | = | આંખનો ફરક |
| કરચોરી | = | કરની ચોરી |
| ચોપડાપૂજન | = | ચોપડાનું પૂજન |
| ઢોરઉછેર | = | ઢોરનો ઉછેર |
| દોરીસંચાર | = | દોરીનો સંચાર |
| પાનબીડું | = | પાનનું બીડું |
| મતગણતરી | = | મતની ગણતરી |
| સ્ત્રીકેળવણી | = | સ્ત્રીની કેળવળી |
| રાજકુંવર | = | રાજાનો કુંવર |
| કાનકટું | = | કાનનું કટું |
| હાથછૂટો | = | હાથનો છૂટો |
| પેટબળ્યું | = | પેટનું બળ્યું |
| પંચવાણી | = | પંચની વાણી |
| આંબાવાડી | = | આંબાની વાડી |
| રેલભાડું | = | રેલનું ભાડું |
| હાથમોજાં | = | હાથનાં મોજાં |

# સમાસ – પરિચય


**૨.૭. અધિકરણ તત્પુરુષ કે સપ્તમી તત્પુરુષ સમાસ :**
જેમાં અધિકરણનો અર્થ રહેલો હોય અને 'એ', 'માં', 'પ્રત્યે' વડે જેનો વિગ્રહ થતો હોય એવા સમાસને અધિકરણ સમાસ કહે છે.



દા.ત. –

| | | |
|---|---|---|
| શાસ્ત્રનિષ્ણાત | = | શાસ્ત્રમાં નિષ્ણાત |
| વ્યવહારકુશળ | = | વ્યવહારમાં કુશળ |
| દાનવીર | = | દાનમાં વીર |
| સ્વર્ગવાસ | = | સ્વર્ગમાં વાસ |
| સાસરવાસ | = | સાસરામાં વાસ |
| માતૃવત્સલ | = | માતૃ પ્રત્યે વત્સલ |
| વાણીશૂરો | = | વાણીમાં શૂરો |
| વહુઘેલો | = | વહું પ્રત્યે ઘેલો |
| સંગીતકુશળ | = | સંગીતમાં કુશળ |
| ઈશ્વરાધીન | = | ઈશ્વરમાં આધીન |
| પુરુષશ્રેષ્ઠ | = | પુરુષમાં શ્રેષ્ઠ |
| પુરુષોત્તમ | = | પુરુષોમાં ઉત્તમ |
| નરશ્રેષ્ઠ | = | નરમાં શ્રેષ્ઠ |
| યુદ્ધચાતુર્ય | = | યુદ્ધમાં ચાતુર્ય |
| વનભોજન | = | વનમાં ભોજન |
| સમયસૂચક | = | સમય પ્રત્યે સૂચક |

# સમાસ – પરિચય




| | | |
|---|---|---|
| જગજાહેર | = | જગમાં જાહેર |
| રસબોળ | = | રસમાં બોળ |
| વ્યવહારચતુર | = | વ્યવહારમાં ચતુર |
| વાણીશૂરું | = | વાણીમાં શૂરું |
| વાતડાહ્યું | = | વાતમાં ડાહ્યું |

**૨.૮. અલુક તત્પુરુષ સમાસ :**

જે સમાસમાં વિભક્તિનો સંબંધ હોય પણ વિભક્તિપ્રત્યયનો લોપ ન થયો હોય તેવા સમાસને અલુક તત્પુરુષ સમાસ કહે છે.

દા. ત. - રંગેહાથ
પીછેહઠ
વસુંધરા
યુધિષ્ઠિર
વાચસ્પતિ
અંતેવાસી
ઘોડેસવાર
ગળેપડું
અગ્રેસર
આત્મનેપદ

# સમાસ – પરિચય




**૨.૯. નઞ તત્પુરુષ સમાસ :**

જે સમાસમાં પ્રથમ પદ નકારદર્શન ‘અ’, ‘ન’ કે ‘અન’ હોય તેને નઞ તત્પુરુષ સમાસ કહે છે.

દા. ત. - અધર્મ
અન્યાય
અણઘટતું
અનાદર
અનર્થ
નક્ષત્રી
નાસ્તિક

# સમાસ – પરિચય




**૨.૧૦. પ્રાદિ તત્પુરુષ સમાસ :**
જે સમાસના પૂર્વ પદમાં ‘પ્ર’, ‘સુ’, ‘કુ’ જેવા ઉપસર્ગ આવતા હોય તેને પ્રાદિ તત્પુરુષ સમાસ કહે છે.

દા. ત. - પ્રતિપક્ષી
પ્રચાર
સુગંધ
કુટેવ
અવગુણ
કુપાત્ર
દુર્ગુણ

# સમાસ – પરિચય

## ૨.૧૧. મધ્યમપદલોપી તત્પુરુષ સમાસ :


જેમાં કોઈ ને કોઈ વિભક્તિસંબંધ હોય, પણ વચ્ચેથી એક કે વધુ પદ લુપ્ત થયાં હોય તેને મધ્યમપદલોપી તત્પુરુષ સમાસ કહે છે. આવાં લુપ્ત પદને વિગ્રહ વખતે ઉમેરવાં પડે છે.



**દા.ત. -**


| | | |
|---|---|---|
| શિલાલેખ | = | શિલા પર લખાયેલ લેખ |
| કલ્પવૃક્ષ | = | કલ્પ કે વિચારથી ફલ આપતું વૃક્ષ |
| બજારભાવ | = | બજારમાં ચાલતો ભાવ |
| દહીંવડાં | = | દહીંથી મિશ્રિત વડાં |
| ઘરજમાઈ | = | ઘરે રહેતો જમાઈ |
| આગગાડી | = | આગથી ચાલતી ગાડી |
| ઘરદેરાસર | = | ઘરમાં કરેલું દેરાસર |
| કલ્પલતા | = | કલ્પ વડે ઈચ્છા પૂરનાર લતા |
| કામધેનું | = | કામ કે ઈચ્છા પૂરનાર ધેનું |
| દૂધભાત | = | દૂધમાં મિશ્રિત કરેલ ભાત |
| અંતકડી | = | અંતના અક્ષરથી શરૂ થતી કડી |
| કપટનિંદા | = | કપટ કરવા કરેલી નિંદા |
| કાનટોપી | = | કાન ઢાંકવાની ટોપી |
| કાકીસાસુ | = | કાકીના સંબંધે સાસુ |

# <u>સમાસ – પરિચય</u>



| | | |
|---|---|---|
| ઠઠ્ઠાચિત્ર | = | ઠઠ્ઠા માટે કરેલું ચિત્ર |
| ડોકાબારી | = | ડોકું કાઢવાની બારી |
| દીવાદાંડી | = | દીવો મૂકવા માટેની દાંડી |
| ધારાસભા | = | ધારા ઘડવાની સભા |
| પ્રાણપોક | = | પ્રાણાના અંત સમયે મુકાનારી પોક |
| ભીંતપત્ર | = | ભીંત પર લાખાતું પત્ર |
| રૂપરેખા | = | રૂપ દર્શાવતી રેખા |
| વરસગાંઠ | = | વરસ સૂચક ગાંઠ |
| ખમણઢોકળાં | = | ખમણવાળાં ઢોકળાં |
| ગોળકેરી | = | ગોળાવાળી કેરી |
| ખાળકૂંડી | = | ખાળવાળી કૂંડી |
| ગોળધાણા | = | ગોળવાળા ધાણા |
| ગોળપાપડી | = | ગોળવાળી પાપડી |
| ઘીકેળાં | = | ઘીવાળાં કેળાં |
| દહીંભાત | = | દહીંવાળાં ભાત |
| દાળઢોકળી | = | દાળવાળી ઢોકળી |
| પાણીપૂરી | = | પાણીવાળી પૂરી |
| પૂરણપોળી | = | પૂરણવાળી પોળી |

# સમાસ – પરિચય




**3. ઉપપદ સમાસ :**

પૂર્વ પદ નામિક હોય અને ઉત્તર પદ આખ્યાતિક હોય તથા સમસ્ત પદ અન્ય પદના વિશેષણ તરીકે પ્રયોજાય તેવા સમાસને ઉપપદ સમાસ કહે છે. ઉપપદ સમાસના ઉત્તર પદમાં સામાન્ય રીતે નીચે પ્રકારના ક્રિયારૂપો હોય છે :

| ક્રિયારૂપ | અર્થ | દૃષ્ટાંત |
|---|---|---|
| ક | કરનાર | સંહારક |
| કાર | કરનાર | કુંભકાર |
| ચર | ફરનાર | જળચર |
| જ | જન્મનાર | નીરજ |
| જ્ઞ | જાણનાર | સર્વજ્ઞ |
| દ | દેનાર | દુ:ખદ |
| દા | દેનાર | સુખદા |
| ધર | ધારનાર | ગદાધર |
| ધરા | ધારનાર | વસુંધરા |
| સર | સરનાર | અગ્રેસર |
| સ્થ | રહેનાર | ગૃહસ્થ |
| હર | હરનાર | મનોહર |


# સમાસ – પરિચય



દા.ત. -


| | | |
|---|---|---|
| કીર્તિદા | = | કીર્તિ દેનાર |
| વ્યાજખાઉ | = | વ્યાજને ખાનાર |
| કુંભકાર | = | કુંભને કરનાર |
| સર્વજ્ઞ | = | બધું જાણનાર |
| શેષશાયી | = | શેષ પર સૂનાર |
| ઈન્દ્રજીત | = | ઈન્દ્રને જીતનાર |
| અંડજ | = | અંડમાંથી જન્મનાર |
| સૂત્રકાર | = | સૂત્ર રચનાર કે કરનાર |
| વૃત્તિકાર | = | વૃત્તિ રચનાર |
| મર્મજ્ઞ | = | મર્મને જાણનાર |
| અનુજ | = | પાછળ જન્મનાર |
| સરોજ | = | સરોવરમાં જન્મનાર |
| ધનુર્ધર | = | ધનુષ્યને ધારનાર |
| તકસાધુ | = | તક સાધનાર |
| રણછોડ | = | રણ છોડનાર |
| કેળવણીકાર | = | કેળવણી કરનાર |
| અસરકારક | = | અસર કરનાર |
| કાઢીચટ્ટું | = | કઢીને ચાટનાર |
| ધૂળધોયું | = | ધૂળને ધોનાર |
| વાંકદેખું | = | વાંક દેખનાર |
| ભીખમંગું | = | ભીખ માંગનાર |

# સમાસ – પરિચય




| | | |
|---|---|---|
| જીવરખું | = | જીવને રાખનાર |
| વહીવંચો | = | વહી વાંચનાર |
| જડબાતોડ | = | જડબું તોડનાર |
| લક્કડખોદ | = | લાકડું ખોદનાર |
| ફૂલઝર | = | ફૂલને ઝરનાર |
| માથાવઢ | = | માથું વાઢનાર |
| ઘરભંગ | = | ઘરને ભાંગનાર |
| ગળાડૂબ | = | ગળું ડુબે તેટલું |
| હૈયાફાટ | = | હૈયું ફાટે તેટલું |
| પાનખર | = | પાન ખરે તેટલું |
| માથાબોળ | = | માથું બોળાય તેટલું |
| તળિયાઝાટક | = | તળિયું ઝટકાય તેટલું |
| લખલૂંટ | = | લાખો લૂંટાય તેટલું |
| સંઘેડાઉતાર | = | સંઘેડા પરથી ઉતારવામાં આવેલું |
| ગ્રંથકાર | = | ગ્રંથને કરનાર |
| જલદ | = | જલ આપનાર |
| સોદાગર | = | સોદો કરનાર |
| આપકમાઉ | = | આપ કમાનાર |
| ખીસાકાતરુ | = | ખીસાનો કાતરનાર |
| ખીચડીખાઉ | = | ખીચડીનો ખાનાર |
| પર્વતખેડુ | = | પર્વતનો ખેડનાર |

# સમાસ – પરિચય



| | | |
|---|---|---|
| સાગરખેડુ | = | સાગરને ખેડનાર |
| હીરાઘસુ | = | હીરાનો ઘસનાર |
| કામચલાઉ | = | કામ ચલાવનાર |
| ચીલાચાલુ | = | ચીલે ચાલનાર |
| ગળેપડુ | = | ગળે પડનાર |
| ધાડપાડુ | = | ધાડનો પાડનાર |
| હીરાપારખુ | = | હીરાનો પારખનાર |
| ઘરફાડુ | = | ઘરને ફાડનાર |
| પાટલીબદલુ | = | પાટલીને બદલનાર |
| લેભાગું | = | લઈને ભાગનાર |
| જાનભેદુ | = | જાણને ભેદનાર |
| ઘરરખુ | = | ઘરને રક્ષનાર |
| ગળાકાપ | = | ગળું કાપે તે |
| જડબાતોડ | = | જડબું તોડે તે |
| માછીમાર | = | માછલી મારે તે |
| ભાનભૂલું | = | ભાન ભૂલેલું તે |
| મીંઢળબંધુ | = | મીંઢળ બાંધેલું તે |
| બીબાંઢાળ | = | બીબાંમાં ઢાળેલું તે |
| તલભર | = | તલ વડે ભરાય તે |

# સમાસ – પરિચય



૪. **<u>કર્મધારણ સમાસ :</u>**


જે સમાસનાં પદો વચ્ચે વિશેષણ- વિશેષ્ય, ઉપમાન- ઉપમેય કે ઉપમાન – સાધારણધર્મનો સંબંધ હોય અને તેને કારણે એ એક જ અધિકરણ- એક વિભક્તિમાં આવતા હોય તેને કર્મધારય સમાસ કહે છે.

૧. વિશેષણ- વિશેષ્યનાં સંબંધવાળા સમાસમાં બે પદ વચ્ચે વિશેષણ અને વિશેષ્યનો સંબંધ હોય છે. આ સ્થિતિમાં સામાન્ય રીતે વિશેષ્ય તરીકે સંજ્ઞા આવે છે. જેમકે, પરમાત્મા. તો, ક્યારેક વિશેષ્ય તરીકે વિશેષણ પણ આવે છે. જેમકે, અર્ધજાગ્રત.

૨. ઉપમાન- સાધારણધર્મના સંબંધવાળા સમાસમાં એક પદ ઉપમાન હોય અને અન્ય પદ સાધારણધર્મ હોય છે. સામાન્ય રીતે પૂર્વપદ ઉપમાન હોય છે અને ઉત્તરપદ સાધારણધર્મ હોય છે. જેમકે, ઘનશ્યામ.

૩. ઉપમાન – ઉપમેયના સંબંધવાળા સમાસમાં એક પદ ઉપમેય હોય છે અને અન્ય પદ ઉપમાન હોય છે. સામાન્ય રીતે પૂર્વપદ ઉપમેય અને ઉત્તરપદ ઉપમાન હોય છે. જેમકે, સંસારસાગર. તો કેટલીક વાર પૂર્વપદ ઉપમાન પણ હોય છે. જેમકે, ચંદ્રમુખ.


# સમાસ – પરિચય



ઉદાહરણો :


| | | |
|---|---|---|
| પીતાંબર | = | પીત અંબર |
| ઉષ્ણોદક | = | ઉષ્ણ ઉદક |
| મહારાજા | = | મહાન રાજા |
| પરમાત્મા | = | પરમ આત્મા |
| ખુશખબર | = | ખુશ ખબર |
| સરપંચ | = | સર પંચ |
| પ્રધાનમંત્રી | = | પ્રધાન મંત્રી |
| આડવાત | = | આડ વાત |
| પૂરઝડપ | = | પૂર ઝડપ |
| અર્ધજાગ્રત | = | અર્ધ જાગ્રત |
| દોઢડાહ્યું | = | દોઢ ડાહ્યું |
| કૃષ્ણભગવાન | = | કૃષ્ણ એ જ ભગવાન |
| રમાબહેન | = | રમા એ જ બહેન |
| ગુજરાતરાજ્ય | = | ગુજરાત એ જ રાજ્ય |
| ભારતદેશ | = | ભારત એ જ દેશ |
| ગ્રામાન્તર | = | અન્ય ગ્રામ |
| ભાષાંતર | = | અન્ય ભાષા |
| કાર્યવિશેષ | = | વિશેષ કાર્ય |
| દુનિયાભર | = | ભરી દુનિયા |
| ઘનશ્યામ | = | ઘન જેવું શ્યામ |

# સમાસ – પરિચય




| | | |
|---|---|---|
| મેઘગંભીર | = | મેઘ જેવું ગંભીર |
| મધમીઠું | = | મધ જેવું મીઠું |
| કાજળકાળું | = | કાજળ જેવું કાળું |
| પાણીપોચું | = | પાણી જેવું પોચું |
| કાળુંમેશ | = | મેશ જેવું કાળું |
| લાલચટક | = | ચટક જેવું લાલ |
| સંસારસાગર | = | સંસારરૂપી સાગર |
| કાવ્યામૃત | = | કાવ્યરૂપી અમૃત |
| ભવસાગર | = | ભવરૂપી સાગર |
| ચરણારવિંદ | = | ચરનરૂપી અરવિંદ |
| દેહલતા | = | દેહરૂપી લતા |
| હૈયાસગડી | = | હૈયારૂપી સગડી |
| મનમંદિર | = | મનરૂપી મંદિર |
| ચંદ્રમુખી | = | ચંદ્ર જેવું મુખ |
| વજ્રદેહ | = | વજ્ર જેવો દેહ |
| વદનકમળ | = | કમળ જેવું વદન |
| નરકેસરી | = | કેસરી જેવો નર |
| અવળમતિ | = | અવળી મતિ |
| અવળવાણી | = | અવળી વાણી |
| આડકથા | = | આડી કથા |
| ઊડણપાવડી | = | ઊડતી પાવડી |

# સમાસ – પરિચય




| | | |
|---|---|---|
| ઊલટતપાસ | = | ઊલટી તપાસ |
| જોડાક્ષર | = | જોડલો અક્ષર |
| નવચેતન | = | નવું ચેતન |
| નવજીવન | = | નવું જીવન |
| પરગામ | = | પર કે પારકું ગામ |
| પરદેશ | = | પર કે પારકો દેશ |
| લંબચોરસ | = | લાંબો ચોરસ |
| વડસાસુ | = | વડી સાસુ |
| સમભાવ | = | સરખો ભાવ |
| હીણપદ | = | હીણું પદ |
| હીણભાગ્ય | = | હીણું ભાગ્ય |
| ચણીબોર | = | ચણી જેવું બોર |
| બગભગત | = | બગ જેવો ભગત |
| કાગાનિંદર | = | કાગ જેવી નિંદર |
| છોકરમત | = | છોકરાની મતિ જેવી મતિ |
| ઢોરમાર | = | ઢોરને મરાય એવો જ માર |
| વિહંગાવલોકન | = | વિહંગના અવલોકન જેવું અવલોકન |
| સિંહાવલોકન | = | સિંહના અવલોકન જેવું અવલોકન |

# સમાસ – પરિચય



| | | |
|---|---|---|
| કન્યારત્ન | = | કન્યારૂપી રત્ન |
| ફૂલગુલાબી | = | ફૂલ જેવું ગુલાબી |
| અંધારઘેરું | = | અંધાર જેવું ઘેરું |
| જુગજૂનું | = | જુગ જેટલું જૂનું |
| ઉંદરમામા | = | ઉંદર એ જ મામા |
| ગંગામૈયા | = | ગંગા એ જ મૈયા |
| ચાંદામામા | = | ચાંદા એ જ મામા |
| સૂરજદાદા | = | સૂરજ એ જ દાદા |
| ઢીંગલીબાઈ | = | ઢીંગલી એ જ બાઈ |
| બાઈસાહેબ | = | બાઈ એ જ સાહેબ |
| વરરાજા | = | વર એ જ રાજા |
| હિંદમાતા | = | હિંદ એ જ માતા |
| નાનુભાઈ | = | નાનુ એ જ ભાઈ |

# સમાસ – પરિચય




૫. **દ્વિગુ સમાસ :**

દ્વિગુ સમાસ કર્મધારય સમાસનો જ એક પેટા પ્રકાર છે. એમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય છે. અને સમસ્ત પદ એકવચનમાં યોજાઈ સમાહાર નો અર્થ વ્યક્ત કરે છે.

દા. ત. –


| | | |
|---|---|---|
| નવરાત્રિ | = | નવરાત્રિનો સમૂહ |
| સપ્તપદી | = | સાત પદનો સમૂહ |
| ત્રિભુવન | = | ત્રણ ભુવનનો સમૂહ |
| ચોમાસું | = | ચાર માસનો સમૂહ |
| ચોતરફ | = | ચારે તરફ |
| અઠવાડિયું | = | આઠ વારનો સમૂહ |
| સપ્તાહ | = | સાત વારનો સમૂહ, સાત અહન |
| પંચપાત્ર | = | પાંચ પાત્રન સમૂહ |
| પંચશેરી | = | પાંચ શેરીનો સમૂહ |
| ચોઘડિયું | = | ચાર ઘડીનો સમૂહ |
| દોઢડાહ્યું | = | દોઢ ડાહ્યું |
| અચ્છેર | = | અડધો શેર |
| ત્રિલોક | = | ત્રણ લોક |
| ત્રિકોણ | = | ત્રણ કોણ |
| ષટ્કોણ | = | ષટ કોણનો સમૂહ |

# સમાસ – પરિચય



| | | |
|---|---|---|
| અધકચરું | = | અડધું કચરેલું |
| અધમૂઉં | = | અડધું મરેલું |
| અધખૂલું | = | અડધું ખૂલેલું |
| ઓગણચાલીસ | = | એક ઓછં ચાલીસમાં |
| એકસરખું | = | એક સરખું |
| બેશેર | = | બે શેર |
| પાશેર | = | શેરનો પા ભાગ |
| પંચપાત્ર | = | પાંચ પાત્ર |
| અધમણ | = | અડધો મણ |
| અધરાત | = | અડધી રાત |
| અધવચ | = | અડધું વચ્ચે |
| એકટાણું | = | એક ટાણું |
| ચોપાસ | = | ચારે પાસ |
| પંચશીલ | = | પાંચ શીલ |
| નવલખ | = | નવ લાખ |

# સમાસ – પરિચય



## ૬. નઞ કર્મધારય :

નિષેધવાચક ‘ન’ પૂર્વપ્રત્યયવાળા સમાસને નઞ કર્મધારય સમાસ કહે છે.

દા.ત. -

| | | |
|---|---|---|
| નધણિયાતું | = | ધણી વગરનું |
| નભાવતું | = | નહીં ભાવતું |


## ૭. બહુવ્રીહિ સમાસ :

જેનાં પદો વચ્ચે વિશેષણ- વિશેષ્ય કે ઉપમાન- ઉપમેયનો સમાનાધિકરણનો સંબંધ હોય કે અન્ય વિભક્તિનો સંબંધ હોય અને સમસ્ત પદ અન્ય પદનું વિશેષણ બનતું હોય તેવા સમાસને બહુવ્રીહિ સમાસ કહે છે.

દા. ત. -


| | | |
|---|---|---|
| પિનાકપાણિ | = | જેના હાથમાં પિનાક નામનું ધનુષ્ય છે તે |
| ચક્રપાણિ | = | જેના પાણિ કે હાથમાં ચક્ર છે તે |
| સુખાંત | = | જેના અંતે સુખ છે એવું |
| ગજાનન | = | ગજના જેવું આનન છે એવા |
| હરિણાક્ષી | = | હરણ જેવી જેની આંખો છે તેવી |
| પાણીપંથો | = | પાણીની જેમ જે પંથ કાપે છે એવો |

# સમાસ – પરિચય




| | | |
|---|---|---|
| માટીપગો | = | માટી જેવા જેના પગ છે એવો |
| કાળમુખું | = | કાળ જેવું જેનું મુખ છે એવું |
| ચંપાવરણું | = | ચંપા જેવા જેનો વર્ણ છે તેવું |
| ગૌમુખી | = | ગાયના જેવું જેનું મુખ છે તેવી |
| મૂશળધાર | = | મૂશળ જેવી જેની ધાર છે તેવું |
| મહાબાહુ | = | જેના બાહુ મોટા છે તેવો |
| કૃતાર્થ | = | જેનો અર્થ કે હેતુ થયો છે તેવો |
| અગમબુદ્ધિ | = | જેની બુદ્ધિ અગમ છે તેવું |
| ગૌરવરણું | = | જેનો વર્ણ ગૌર છે તે |
| એકલપેટું | = | એકલું પેટ છે જેનું તે |
| ભારેપગી | = | ભારે છે જેના પગ તે |
| ચતુર્મુખ | = | જેને ચાર મુખ છે તે |
| બેપગું | = | જેને બે પગ છે તે |
| ચોખંડું | = | જેને ચાર ખંડ છે તેવું |
| એકધારું | = | જેને એક ધાર છે તેવું |
| વીસનહોરી | = | જેને વીસ નહોર છે તે |
| નવસરો | = | જેને નવ સર છે તેવો |
| હૈયાસૂનું | = | જેનું હૈયું સૂનું છે તે |
| માથાભારે | = | જેનું માથું ભારે છે તેવું |
| પેટછૂટું | = | જેનું પેટ છૂટું છે તેવું |
| હૈયાફૂટું | = | જેનું હૈયું ફૂટ્યું છે તેવું |

# સમાસ – પરિચય



| | | |
|---|---|---|
| હોઠકટું | = | જેના હોઠ કપાયા છે તેવું |
| મોંબળ્યું | = | જેનું મોં બળેલું છે તેવું |
| માથાફરેલ | = | જેનું માથું ફરેલ છે તેવું |
| કેડભાંગલું | = | જેનું કેડ ભાંગેલી છે તેવું |
| ચતુર્ભુજ | = | જેને ચાર હાથ છે તે |
| નીલકંઠ | = | જેનો કંઠ નીલ છે તે |
| દ્વિદળ | = | જેનાં બે દળ છે તે |
| સ્વયંવર | = | જેમાં કન્યા જાતે વરે છે તે |
| ગજગતિ | = | જેની ગતિ ગજના જેવી છે તે |
| શૂલપાણિ | = | જેના હાથમાં શૂલ કે ત્રિશૂલ છે તે |
| ચન્દ્રશેખર | = | જેના શેખર કે મસ્તકમાં ચંદ્ર છે તે |
| પદ્મનાભ | = | જેની નાભિમાં પદ્મ છે તેવા |
| વીજળીવેગું | = | વીજળી જેવો વેગ જેનો છે તે |
| એકધારું | = | એકધાર છે જેની તે |
| એકસરું | = | એક સર છે જેની તે |
| બેજીવું | = | જેને બે જીવ છે તેવું |
| નવસરું | = | જેને નવ સર છે તે |
| ઉઘાડપગું | = | ઉઘાડા પગ છે જેના તે |
| ચોખંડું | = | ચાર ખંડ છે જેના તે |
| પંચકોણ | = | પાંચ કોન છે જેના તે |
| એકતાર | = | એક તાર જેના છે તે |
| એકધ્યાન | = | એક ધ્યાન જેનું છે તે |

# સમાસ – પરિચય



૮. **નઞ બહુવ્રીહિ :**


જે બહુંવ્રીહિ સમાસનું પૂર્વપદ નકારવાચક હોય તેને નઞ બહુવ્રીહિ સમાસ કહે છે.

દા. ત. -

| | | |
|---|---|---|
| અનાથ | = | જેનો કોઈ નાથ નથી તેવું |
| અદ્વિતીય | = | જેના જેવું બીજું નથી તેવું |
| નબાપો | = | જેને બાપ નથી તેવો |
| નભાઈ | = | જેને ભાઈ નથી તેવી |
| નજીવું | = | જેમાં કશું નથી તેવું |
| નકામું | = | જે કશા કામનું નથી તેવું |
| નફકરું | = | જેને ફિકર નથી તેવું |

# સમાસ – પરિચય

## ૯. **અવ્યયીભાવ સમાસ :**



જેમાં પૂર્વ પદ અવ્યય હોય, ઉત્તરપદનામ હોય અને સમસ્ત પદ ક્રિયાવિશેષણ અવ્યય તરીકે વપરાતું હોય તે અવ્યયીભાવ સમાસ કહેવાય છે.

દા. ત. -

| | | |
|---|---|---|
| યથાશક્તિ | = | શક્તિ પ્રમાણે |
| પ્રતિદિન | = | પ્રત્યેક દિને |
| આજન્મ | = | જન્મથી માંડીને |
| આજીવન | = | જીવન સુધી |
| હરરોજ | = | હરેક રોજ |
| દરવખત | = | દર વખતે |
| પ્રત્યક્ષ | = | આંખની સામે |
| યાવજ્જીવન | = | જીવન હોય ત્યાં સુધી |
| આધ્યાત્મ | = | આત્મા સંબંધી |
| યથાવિધિ | = | વિધિ પ્રમાણે |
| યથેચ્છ | = | ઈચ્છા પ્રમાણે |
| યથાયોગ્ય | = | યોગ્ય પ્રમાણે |


Thank You